# નાપાસ વિદ્યાર્થીઓના નથી સરકાર કે નથી સમાજ !

૧૯૯૩ થી ૨૦૧૨ સુધીના વીસ વર્ષમાં ધો.૧૦ – ૧૨ના પરિણામ નજર નાંખતા જાણવા મળે છે કે, આ ૨૦ વર્ષમાં ધોરણ-૧૦ માં કુલ ૧,૨૫,૯૬,૯૯૯ વિદ્યાર્થીઓએ પરીક્ષા આપવા નોંધણી કરાવેલ. જેમાંથી ૮૬,૧૭,૦૧૪ વિદ્યાર્થીઓ પાસ અને ૩૯,૭૯,૯૮૫ વિદ્યાર્થીઓ નાપાસ થયા હતા. એ જ રીતે ધો.૧૨ માં સામાન્ય પ્રવાહમાં છેલ્લા ૨૦ વર્ષમાં ૫૧,૮૮,૯૧૫ વિદ્યાર્થીઓ નોંધાયેલ હતાં, જેમાંથી ૪૦,૨૮,૪૩૨ પાસ થયા અને ૧૧,૬૦,૪૮૩ વિદ્યાર્થીઓ નાપસા થયા હતા. આમ છેલ્લા ૨૦ વર્ષમાં ધોરણ દસમાં નોંધાયેલ ૧,૨૫,૯૬,૯૯૯ વિદ્યાર્થીઓમાંથી ધો.૧૨ના અંતે ૪૦,૨૮,૪૩૨ વિદ્યાર્થી બહાર પડયા. જેમાં સાયન્સ પ્રવાહમાં પ્રવેશ મેળવનાર વીસ વર્ષમાં સરાસરી ૮૦,૦૦૦ની ગણીએ તો બીજા ૧૬ લાખ વિદ્યાર્થીઓનો ઉમેરો કરી શકાય. આમ કુલ ૫૬,૨૮,૪૩૨ વિદ્યાર્થીઓ ધો.૧૨ પાસ થઇને બહાર પડે છે. એટલે કે, ૬૯,૬૮,૫૬૭ વિચર્થીઓ ક્યાં ગયા ? ધો.૧૦ના અંતે આઇ.ટી.આઇ. કે અન્ય અભ્યાસક્રમના નવ લાખ વિદ્યાર્થીઓનો ઉમેરો કરીએ તો પણ ૬૦,૦૦,૦૦૦ હા.. સાઠ લાખ વિચર્થીઓને આપણે નાપાસ કરીને શાળા છોડાવી દીધી, પછી તેઓએ શું કર્યું ? ક્યાં ગયા ? તેની માહિતી નથી આપણી સરકાર પાસે કે નથી આપના સમાજ પાસે કે નથી સેવા કરવાનો ઠાઠ લઇને ફરતી એન.જી.ઓ. પાસે. નાપાસ થનાર આ યુવાનોના ભવિષ્ય માટે આપણા સમાજે કે આપણી સરકારે કે એન.જી.ઓ. કે અન્ય સેવાભાવી સંસ્થાઓએ શું કર્યું ? ઉપરોક્ત આંકડા જોતાં ખ્યાલ આવશે કે જેટલા વિદ્યાર્થીઓ ધો. ૧૨ પાસ કરીને બહાર પડે છે તેના કરતાં વધુ પ્રમાણમાં નાપાસ થઇને સમાજમાંક્યાંક ખોવાઇ જાય છે . આ યુવાનોને સાચી દિશા નહીં મળવાને કારણે ક્યાંક ખોવાઇ જાય છે, ક્યાંક ભટકાઇ જાય છે તો ક્યારેક ગૂનાખોરીના રવાડે પણ ચડી જાય છે. જ્યાં સુધી આ વિદ્યાર્થીઓ કે નવયુવાનો માટે સરકાર કે સમાજ ન વિચારે ત્યાં સુધી આપણો સમાજ પ્રગતિશીલ સમાજ છે તેવી સૂફીયાણી વાતો આપણે બંધ કરીને વાસ્તવિકતાનો સ્વીકાર કરીને તે નવયુવાનો માટે વિચારવું પડશે. આજે વિચારીશું તો તેના પરિણામ આપણને પાંચ-પંદર વર્ષે મળશે. અને હજુ પણ વિચારીશું નહીં ને તેમના માટે ચોક્કસ પ્રયત્નો પણ અમલમાં નહીં મૂકીએ તો આપણા સમાજનું ભાવિ વધુ અંધકારમય બનતું જશે.

સમાજને પણ નાપાસ થયેલા વિદ્યાર્થીમાં બિલકુલ રસ નથી, તે પણ ઉગતા સૂરજને જ પૂજે છે. ધો.૧૦-૧૨ના પરિણામ આવે પછી જુદા જુદા સમાજમાં, જ્ઞાતિ મંડળોમાં ઊંચું પરિણામ લાવનાર – ૮૦ ટકાથી વધુ ટકા લાવનારને ઇનામ આપવાના વિવિધ પ્રકારના અનેક કાર્યક્રમો યોજાય છે. જ્યારે બીજી બાજુ જેમને સાથ સહકાર, હિંમત અને આશ્વાસનની કાસ જરૂર છે તેમના માટે એકપણ કાર્યક્રમ નહીં કે ના તો માર્ગદર્શન માટેના કેમ્પ. અરે, ભાઇ. ૮૦ ટકા લાવનારને તમે ઇનામ નહીં આપો તો પણ તેઓ ૮૦ ટકા લાવવાના જ છે, તમારા ઇનામને કારણે તેઓ વધુ ટકા નથી લાવ્યા. તેમને તમારી કોઇ જ મદદની જરૂર નથી, છતાં તમે ઉપર પડતાં તેમની પાસે જાવ છો, બીજી બાજુ જેમને જરૂર છે તેમને તમે દૂર રાખો છો, ધુત્કારો છો. હાંસી ઉડાવો છો, અપશબ્દ બોલો છો. તેમના માટે આજની શાળા-કોલેજો પણ શું કરે છે ? હા... ખાતરી કરવા જાણવાં મળ્યું કે, અમદાવાદમાં લઘુમતિ સમાજની એક શાળા આવા બાળકો માટે વિશેષ રસ લઇને કામ કરે છે, જે નાપાસ થયેલા વિદ્યાર્થીઓને શાળામાં બોલાવીને વધુ અભ્યાસ કરાવે છે, અને તે પણ નિયમિત પણે. લઘુમતિ સમાજની શાળા જો આ કામ કરી શકતી હોય તો અણ્ય શાળાઓ કેમ નહીં ?

સરકાર પણ નાપાસ થયેલા વિદ્યાર્થી માટે શું કરે છે ? એકપણ માર્ગદર્શન કેમ્પ કે કેન્દ્ર નથી. સરકારને વિનંતી કે, જરા વિચારે કે જેટલા વિદ્યાર્થી પાસ થાય છે તેના કરતાં વધારે નાપાસ થાય છે. તો આવા

વિયર્થીઓ માટે વિવિધ પ્રકારના કાર્યક્રમો યોજવા જોઇએ. તેમના માટે વિશિષ્ટ પ્રકારના કોર્સ શરૂ કરવા જોઇએ. મોટાભાગે આવા ઘણાં વિદ્યાર્થીઓ પોતાના બાપદાદાના ધંધામાં જોડાઇ જાય છે. બાપ પાસેથી શીખે છે, ધીમે ધીમે અનુભવ અને મહાવરાને કારણે પારંગત બનવાનો પ્રયત્ન કરે છે, પણ ચોક્કસ પ્રકારની, વિશિષ્ટ, વૈજ્ઞાનિક, આધુનિક તાલીમ તેમને કોઇએ આપીજ નથી. આજે આપણે જોઇએ તો દરજી, કડિયા, સુથાર, વાળંદ જેવી અનેક જ્ઞાતિના બાળકો પોતાના બાપદાદાના વ્યવસાયમાં જોડાય ચે, ત્યારે સરકાર આવા વ્યવસાયને લગતા આધુનિક અભ્યાસક્રમો કેમ શરૂ કરતી નથી ? આવા વિશિષ્ટ અભ્યાસક્રમોનું લીસ્ટ બનાવવા બેસીએ તો પાંચ-પચ્ચીસ નહીં સો-બસો અભ્યાસક્રમો બને. સરકાર તેમાંથી કેટલાક અભ્યાસકેન્દ્રો શરૂ કરે તો ધો.૧૦-૧૨ પછી નાપાસ થયેલા વિદ્યાર્થીઓને યોગ્ય તાલીમ મળે, પોતે પોતાના વ્યવસાયમાં આગળ વધે અને જેથી ગ્રાહકને પૂરો સંતોષ પણ આપે. નાપાસ થનારની સંખ્યા ગ્રામ્ય વિસ્તારોમાં વધારે છે, ગ્રામ્ય વિસ્તાર ખેતી સાથે સંકળાયેલ છે. અત્યારે ખેતી કામમાં જોઇએ તેટલી કમાણી નથી કે પૂરતી પોતાની જમીન પણ નથી. ત્યારે આવા નવયુવાનો કરશે શું? તેનો વિચાર કોઇ કેમ કરતું નથી ? તેમને યોગ્ય સમયે યોગ્ય રસ્તો બતાવવાની જરૂર છે, જરૂર પડે આંગળી પણ પકડવી જોઇએ.

સરકારે માત્ર તાલીમ આપીને જ સંતોષ નથી માનવાનો. તાલીમ આપ્યા પછી જે તે વ્યવસાય કરવા આર્થિક મદદ પણ કરવી જોઇએ. સરકાર કે કોઇ શૈક્ષણિક સમસ્થાએ એક સર્વે કરવો જોઇએ કે, નાપાસ થનાર વિદ્યાર્થીઓ કેવા પ્રકારના છે. તો કદાચ જાણવા મળશે કે ધો.૧૦-૧૨માં નાપાસ થનાર વિદ્યાર્થીઓના વાલીની આર્થિક સ્થિતિ નબળી હશે. પછી ભલે તે ગમે તે જ્ઞાતિના જ કેમ ન હોય. આમ પહેલેથી જ આર્થિક નબળા હતા અને હવે નાપાસ થયા પછી નથી સરકાર કે સમાજની મદદ કે માર્ગદર્શન. તો આવા વ્યક્તિઓ ભવિષ્યમાં કેવી રીતે અને ક્યાં વિકાસ સાધી શકશે ? આમ નાપાસ થનાર વિદ્યાર્થીઓ માટે કોઇ ચોક્કસ નીતિ રીતિ નથી સરકાર પાસે કે નથી સમાજ પાસે. માટે તો તે બાપડાબિચારા થઇને કે ગુંડાગીરી કરતાં ફરે છે. તેમને સમાજ કે સગાં કે મિત્રો કે વાલી બધાં જ કઇ નજરથી જૂએ છે ?આવા વિયર્થીઓ હતાશ બની જાય છે, જેમાં લાગણીશીલ વિદ્યાર્થીાિ ખોટું પગલું ભરતાં સહેજ પણ અચકાતા નથી, ક્યારેક આપઘાત પણ કરે છે. આપણા સમાજે હોંશિયાર વિદ્યાર્થીઓને જેટલું પ્રોત્સાહન આપ્યું તેટલા પ્રમાણમાં નાપાસ વિદ્યાર્થીઓને સાંત્વતન આપ્યું છે ? હકીકતમાં હોંશિયાર વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ કરવા માટે લોન આપવામાં આવે છે તેવી રીતે નબળા-નાપાસ તયેલ વિદ્યાર્થીઓ પોતાનો અભ્યાસ છોડી ન દે તે માટે તેમને પણ આર્થિક મદદ કરવી જોઇએ.

અંતે, સરકાર, સમાજ અને એન.જી.ઓ.ને વિનંતી કે નાપાસ તનાર વિયર્થીઓનો વિવિધ રીતે સર્વે કરવામાં આવે, તે માટે જરૂરી માર્ગદર્શન પૂરું પાડે અને સાથે સહાય પણ કરીને તેવા વિદ્યાર્થીઓની જીદગીને સરળ અને સફળ બનાવવામાં સહભાગી બને.